**આરોપી : મહેન્દ્રસિંહ સ.ઓ શંકરલાલ સાધુરામ રાજપુત**
**ગુનો : ભારતીય ન્યાયસંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૬(૨),૩૧૮(૪),૬૧(૨),૧૨૩,૨૦૪, ૩૫૧ (૩) મુજબ**

**–:: આરોપીની જામીન અરજી લગત હુકમ ::–**

સાંભળ્યા, અરજી તથા બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તેમજ ફરીયાદ વંચાણે લીધા. હાલના આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાયસંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૬(૨),૩૧૮(૪),૬૧(૨),૧૨૩,૨૦૪, ૩૫૧ (૩) ના ગુનાનું તહોમત છે.

આ કામે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કહેવાતા ગુનામાં આરોપીનો કોઈ રોલ નથી. તેઓએ આ બાબતે રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના આરોપીએ માત્ર સસ્તા ભાવે સોનું ખરીદવુ હોય તેવુ જણાવી તેના મિત્રનું નામ આપેલુ. આ સિવાય હાલના કામના આરોપીનો કોઈ રોલ નથી, પરંતુ ફરીયાદી વિરુધ્ધ પણ ગંભીર પ્રકારના ગુના બાબતેનો કેસ ચાલુ છે. હાલ આરોપી જેલમાં છે અને ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે. જેથી આરોપીને યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ છે. આ સાથે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા આ જ ગુનાને લગતા ત્રણ આરોપીઓના જામીન નામદાર સેશન્સ અદાલત, આણંદનાઓએ કરેલ હુકમોની નકલ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, નામદાર કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું આરોપી ચુસ્તપણે પાલન કરશે.

ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રીની રજુઆત છે કે, આરોપી વિરુધ્ધનું કૃત્ય જોવામાં આવે તો તેઓએ ખુબ જ મોટી રકમની વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરેલ છે. હાલના તબકકે આરોપીનો કોઈ રોલ છે કે કેમ? તે નકકી થઈ શકે નહી. આરોપીનો રોલ છે કે કેમ? તે માત્ર ટ્રાયલ વખતે જ ખબર પડે. વિશેષમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે બી.એન.એસ.ની કલમ–૧૨૩ માં ૧૦ (દસ) વર્ષ સુધીની જેલની સજા તથા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે અને આ ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્રને માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય, જેથી પણ આરોપીને જામીન મુકત કરવા જોઈએ નહી.

હાલના કામે બંને પક્ષોની રજુઆતો તથા ગુનાનું સ્વરૂપ જોતા આ કામના આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીને સસ્તા ભાવે સોનું અપાવી દેવાનો વિશ્વાસ આપી રૂપિયા બે કરોડ દસ લાખ જેટલી મોટી રકમ પડાવી લીધેલ છે. આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે, આરોપીનું કૃત્ય ખુબ જ ગંભીર પ્રકારનું છે, આ કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨),૩૧૮(૪),૬૧(૨),૧૨૩,૨૦૪, ૩૫૧ (૩) મુજબનો ગુનાનું તહોમત છે. ગુનાહિત કૃત્યમાં હાલના આરોપીનો રોલ છે કેમ? તે ટ્રાયલનો વિષય છે. આરોપીની ભુમિકા શું હતી તે પુરાવા વગર નકકી થઈ શકે નહી. આરોપીના

વિ.વ.શ્રીએ નામદાર સેશન્સ અદાલત, આણંદના અન્ય આરોપીઓને જામીન મુકત કરતા ચુકાદાઓ રજુ કરેલ છે તે તમામ હુકમો નામદાર સેશન્સ અદાલત, આણંદ ધ્વારા કરવામાં આવેલ છે. હાલના કામે બી.એન.એસ.ની કલમ–૧૨૩ માં ૧૦ વર્ષ સુધીની સજા તથા દંડની જોગવાઈ પણ કરવામાં આવેલ છે અને ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને છે. જેથી હાલના આરોપીને જામીન મુકત કરવાની વૈધાનિક સત્તા પણ આ અદાલતને નથી. આમ, આરોપીઓ સામેના ગુનાનો પ્રકાર તેમજ સદર ગુનામાં આક્ષેપીત ગુના અંગેની સજાની જોગવાઈ ધ્યાને રાખતા આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામા આવે છે.

**હુકમ**

આરોપીની હાલની જામીન અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૨૩/૦૩/૨૦૨૬ — એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ

**સ્થળ :– બોરસદ** — **બોરસદ**